# ગાંધીનગર બન્યું વિકાસનો વિશ્વમંચ

**ગુજરાતને વિકાસનું મોડલ બનાવવામાં જેનો હિસ્સો છે તે વાયબ્રન્ટ સમિટના સાતમા અધ્યાયમાં દેશ અને વિદેશના મહાનુભાવોએ વડાપ્રધાન, ભારત અને ગુજરાતને એક નવી જ ઉંચાઈ ઉપર મૂકી દીધું છે.**

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી-**

- ભારત વસુદૈવ કુટુંબકમની ભાવનામાં હંમેશથી માનતું આવ્યું છે
- સમગ્ર વિશ્વ એક છત હેઠળ એક પરિવાર તરીકે એકઠો થાય તેવું આ ભાગ્યે જોવા મળે છે.
- ભારત તરફ સહકારનો માહોલ પેદા થયેલો છે.
- બાન કી મૂનનો હું આભાર માનું છું કે યોગને ૧૭૭ દેશોએ માન્યતા આપી છે.
- ભારત જ વિશ્વમાં એકમાત્ર એવો દેશ હશે કે જે આર્થિક પ્રગતિ કરશે તેવું સર્વે કહે છે
- અમે હાઈટેક સ્માર્ટ સિટીઝ બનાવવાના છીએ કે જેના માટે FDIના નિયમો હળવા કર્યા છે.

**અમેરિકાના વિદેશ પ્રધાન જહોન કેરી-**

- હું ફરી ભારતમાં આવ્યો છું અને વાયબ્રન્ટ સમિટનો હિસ્સો બન્યો તેનો મને આનંદ છે.
- વિઝનરી પ્રાઈમ મિનિસ્ટ મોદીનું આ રાજય છે તેનો મને આનંદ છે.
- મોદીએ ગુજરાતને શક્યતા, પરિવર્તન, તકોનું પર્યાય બનાવી દીધું છે.
- અમે ભારત સાથે મજબૂત સંબંધો ઈચ્છીએ છીએ.
- હું મુંબઈ, બેંગલોર, હૈદરાબાદ વગેરે સ્થળે ગયો છું અને મને અદ્દભૂત પ્રતિસાદ મળ્યો છે.
- આપણે સાથે મળીને કામ કરીએ તો કંઈ પણ થઈ શકે.
- મોદીના સબ કા સાથ વિકાસ કેમ્પેઈનથી હું ભારે પ્રભાવિત થયો છું.

**યુએન ચીફ બાન-કી મૂન-**

- નમસ્તે, કેમ છો, તમને મળીને આનંદ થયો'
- હું દુનિયાનાં તમામ લોકોને ગાંધીજીના વિચારોને અપનાવવા કહું છું.
- મને આશા છે કે ગાંધીજીના વિચારો અને વિઝનમાંથી દુનિયાભરના બિઝનેસ લિડર્સ તથા લોકોને પ્રેરણા મળશે.
- ગુજરાત એ બાબતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે ક ટકાઉ વિકાસની સાથે સાથે પર્યાવરણને નુકસાન ન કરે તેવી એનર્જીનું ઉત્પાદન કઈ રીતે કરી શકાય.
- વિશ્વમાં તમામ સાત અબજ લોકોને વીજળી મળે એ આપણો ઉદ્દેશ્ય, મોદીએ ૨૪ કલાક વીજળી આપવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે.
- ભારતના વીજળી ઉત્પાદનમાં સોલર એનર્જી તથા વિન્ડ એનર્જીનો સમાવેશ જરૂરી છે. ગુજરાતે તે દિશામાં પહેલ કરી છે.

**વર્લ્ડબેન્કના પ્રેસિડેન્ટ જિમ યંગ કિમ-**

- મારી ભારતની આ ત્રીજી મુલાકાત છે.
- કોરીયામાં અમે એ વાતને બહુ ગંભીરતાથી લઈએ છીએ કે જયારે કોઈ પોતાને ઘેર પોતાને નિમંત્રણ આપે. મોદીનો એ બદલ આભાર
- મજબૂત અને ટકાઉ આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં અમને રસ છે.
- વર્લ્ડ બેંકને ગુજરાતને મદદ કરવામાં રસ છે તેથી અમે વાઈબ્રન્ટ ભારતને મદદ કરીશું.
- ભારતની આર્થિક પ્રગતિ ૨૦૧૬માં વધારે હશે.
- ગુજરાતને અમે તમામ મદદ કરીશું.
- ગુજરાતને અમે વીજળીના ઉત્પાદનના પ્રોજેક્ટમાં મદદ કરીશું.
- સબસિડીઓ ભારતના વિકાસને નુકસાન કરી રહી છે.
- મોદી આ સમસ્યાનો ઉકેલ લાવશે તેવી આશા.
- આપણે વિશ્વને ગરીબીમુક્ત બનાવવાનો પાયો અહી નાખીએ

**બ્રિટનના મંત્રી ઈઆન લિવિંગસ્ટ-**

- ગુજરાતમાં કોઈ ડિપ્લોમેટિક મિશન શરૂ કરનાર બ્રિટન પહેલો દેશ છે.



● અનુસંધાન પાન-૭ પર



સીઈઓ કોન્કલીવ - વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ સંદર્ભે પંડિત દિનદયાલ યુનિવર્સિટી ખાતે પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં દેશ અને દુનિયાના ૨૫૦થી વધુ સીઈઓની પરિષદ યોજાઈ હતી. કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, યુ.એસ. વિદેશમંત્રી જ્હોન કેરી, યુનોના મહામંત્રી બાન-કી મુન સહિત મહાનુભાવો રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

## શહેરમાં ટ્રાફીક મેનેજમેન્ટ માટે સતત નેત્રનો ઉપયોગ કરાયો

### ટ્રાફીક અંગે સીધુ મોનીટરીંગ કરી સંબંધીત વિસ્તારમાં તાત્કાલિક મેનેજમેન્ટ કરવા આદેશ કરાયા

ગાંધીનગર, તા. ૧૧

વાઈબ્રન્ટ સમિટમાં પધારેલા વડાપ્રધાન સહિત દેશ-વિદેશના વીવીઆઈપી મહેમાનોની સુરક્ષા માટે પોલીસ દ્વારા આકાશમાંથી આખા રૂટનું મોનીટરીંગ કરવા બે નેત્ર (ડ્રોન) મંગાવ્યા હતા. જે પૈકી એક નેત્રનો ઉપયોગ શહેરમાં ટ્રાફીક મેનેજમેન્ટ માટે સતત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર શહેરમાં કયાં વિસ્તારમાં કેટલા પ્રમાણમાં ટ્રાફીક જામ થયો છે તેનું મોનીટરીંગ સીધુ કંટ્રોલ રૂમમાંથી થતુ હતુ. નેત્રને આકાશમાં ફરતુ કરીને શહેરના માર્ગો પર ટ્રાફીકની સ્થિતિ જાણી જે વિસ્તારમાં વધુ ટ્રાફીક લાગે ત્યાં તાત્કાલિક પોલીસ મોકલીને ટ્રાફીક મેનેજમેન્ટ કરવા આદેશ આપવામાં આવ્યા હતા. પોલીસને વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષા તથા અન્ય મોનીટરીંગ કરવા આપેલા બે નેત્ર પૈકી એક નેત્રનો ઉપયોગ ટ્રાફીક મેનેજમેન્ટ માટે કરીને શહેરમાં બે દિવસથી વધેલી અવર-જવરને પગલે થતુ ટ્રાફીક જામ અટકાવ્યુ હતુ.

## વડાપ્રધાને સ્પીચ ટેલી પ્રોમ્પટર ડિવાઈસનો ઉપયોગ કર્યો : પીડીપીયુમાં સીઈઓ કોન્કલીવ

**વાઈબ્રન્ટની સાથે સાથે**

- આજે વાઈબ્રન્ટ સમિટના ઉદ્દ્ઘાટન સમારોહના સમય કરતાં એક કલાક પહેલાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર આવી પહોંચ્યા હતા.
- મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આજે મહાનુભાવોના માનમાં હાઈટીનું આયોજન કર્યુ હતુ.
- ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર ગેરી કાષ્પરવ પણ આ સમિટમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આજે તેમના પ્રવચન દરમ્યાન સ્પીચ ટેલી પ્રોમ્પટરનો ઉપીયોગ કર્યો હતો. જેના લીધે શ્રી મોદી ભાષણ વાંચતા હોય પણ શ્રોતાઓને તેનો ખ્યાલ ના આવે. આ નવી ડિવાઈસનો ઉપીયોગ અમેરિકાના પ્રમુખ ઓબામા પણ કરે છે.
- ભૂતાનના પ્રધાનમંત્રીશ્રી શેરીંગ તોબતો આજે વડનગરની મુલાકાતે જવાના છે. તેઓ ગિફ્ટસીટીની પણ મુલાકાત લેનાર છે.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આજે તેમના પ્રવચનમાં ટ્રેડ શૉ તેમજ દાંડીકુટિરમાં બનાવાયેલ ગાંધી મ્યુઝિયમ જોવાનો આગ્રહ કર્યો હતો.
- પી.ડી.પી.યુ. ખાતે સી.ઈ.ઓ. કોન્કલેવનું આયોજન કરાયું હતું.
- કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની તેમજ અન્ય કેન્દ્રીય મંત્રીઓ આજે નીચે ગૃહઉદ્યોગોના પ્રતિનિધિઓની વચ્ચે બેઠા હતા.
- રિલાયન્સના શ્રીમતિ નીતા અંબાણી પણ વાઈબ્રન્ટ સમિટમાં હાજર રહ્યા હતા.

# ઉત્તરાયણની ઉજવણીનો ધમાકેદાર પ્રારંભ

### 'નો ફ્લાઈંગ ઝોન' અંતર્ગત પતંગ ઉડાડવાની મનાઈની ફેલાયેલી વાતો ભૂલી લોકો ધાબે ચઢ્યાં : પતંગ બજારમાં ખરીદી માટે લોકોની ભીડ જામી : ચરખાવાળાઓને ત્યાં લાઈનો લાગી : ઘરાકી ખૂલતા વેપારીઓમાં ઉત્સાહ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં એક તરફ વાઈબ્રન્ટ સમિટ દ્વારા વૈશ્વિક હસ્તીઓ મહેમાનગતિ માણી રહી છે અને ગુજરાતમાં રોકાણ કરવા થનગની રહ્યા છે. બીજી તરફ લોક તહેવાર ઉત્તરાયણ છેક આવી પહોંચતા રવિવારના રજાના દિવસે પતંગ રસિયાઓએ ખરીદી કરવા બજારમાં ભીડ લગાવી દીધી હતી. નગરમાં 'નો ફ્લાઈંગ ઝોન' અંતર્ગત પતંગ ઉડાડવાની પણ મનાઈ ફરમાવાઈ છે. તેવી ફેલાયેલી વાતો વચ્ચે નગરજનોએ આજે પોતાના ધાબે ચઢીને અત્તરાયણની નેટ પ્રેકટીશ કરી હતી.

સેક્ટર-૨૧ના પતંગ બજાર સહિત નગરના વિવિધ સેક્ટરોના પતંગ બજારોમાં આજે નગરજનોએ ઉત્તરાયણ માટે પતંગો, દોરી, ટોપી-ચશ્મા, બલૂન્સ, ગુંદરપટ્ટી, આંગળીઓ પર પહેરવાની પટ્ટીઓ વગેરેની ધૂમ ખરીદી કરી હતી. છેલ્લા કેટલાક દિવસથી પાટનગરમાં ચાલી રહેલા વિવિધ કાર્યક્રમોને પગલે સુરક્ષાના કારણોસર નાના મોટા તમામ લારી-ગલ્લા અને તંબુ બાંધી વેચાણ કરતા અને દોરીરંગના ચરખાવાળા તમામને હટાવી દેવાયા હતા. આ કારણે પતંગ વેચનારા મંડળ વાળા કે લારીવાળા જોવા મળતા નહોતા. અધુરામાં પુરૂ 'નો ફ્લાઈંગ ઝોન' અંતર્ગત નગરમાં પતંગો ઉડાડવાની મનાઈ ફરમાવાઈ છે તેવા પાયા વિહોણા ભ્રામક અહેવાલે ફેલાવાને કારણે લોકોના મનમાં દ્વિધા ચાલી રહી હતી જેના કારણે હજુ સુધી મકરસંક્રાંતિનો માહોલ નગરમાં જોવા મળ્યો નહોતો, પરંતુ આટલા દિવસથી મન દબાવીને બેસી રહેલા પતંગ રસીયાઓએ આજે રવિવારની રજાનો ભરપુર ઉપયોગ કરતા પતંગો અને દોરી વગેરેની ખરીદી માટે બજારમાં ઉમટી પડ્યા હતા. લોકોએ આજે મનભરીને પતંગો-દોરી અને અન્ય સામગ્રીની જેવી કે ગુંદરપટ્ટી, ચશ્મા, ટોપી, બલુન્સ, પીપુડા, સીસોટીઓ, હાથમાં પહેરવાની આંગળીઓ વગેરેની ખરીદી કરવા પોતાના બાળકો સાથે નીકળી પડ્યા હતા. બજારમાં દોરી રંગવાવાળા ચરખાવાળાઓને ત્યાં તો રીતસરની લાઈનો લાગી ગઈ હતી અને પતંગોના મંડપ-સ્ટોલ અને દુકાનો

● અનુસંધાન પાન-૭ પર

## પતંગોની અનેક વેરાયટીઝ વચ્ચે શોખીનો 'ખંભાતી ચીલ' માંગી રહ્યા છે



ગાંધીનગરના પતંગ બજારમાં વિવિધ વેરાયટી જોવા મળી રહી છે, જેમાં પરંપરાગત ઘેંસિયો, ઢાલ, ચાંદો, ભોડી, નવરંગ, સ્ટાર, ટીકડી અને ચટ્ટાપટ્ટાની સાથે ચીલ પતંગની માંગ ખૂબ વધુ રહેવા પામી છે. બજારમાં માણસા અને કલોલના પતંગો પણ સારા પ્રમાણમાં વેચાઈ રહ્યા છે. જ્યારે અમુક પતંગ રસિયાઓ 'ખંભાતી ચીલ' પતંગની માંગ કરી રહ્યા છે. બજારમાં રૂ. ૪૦થી લઈનેરૂ. ૩૦૦ કોડીના ભાવની અવનવી વેરાયટીની પતંગો વેચાઈ રહી છે.

## તૈયાર ફિરકીઓના જમાનામાં દોરી રંગાવા-ઘસાવા માટે ભીડ

પતંગની સાથે દોરીની ખરીદીમાં પણ પતંગબાજો ખૂબ સાવધાની



રાખી રહ્યા છે. હાલ બજારમાં તૈયાર દોરીમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ છે જેમાં સુરતીમાંજો જેમાં ભગવાન અને યુસુફ બ્રાન્ડ, બરેલી માંજો, જેવી અનેક બ્રાન્ડ પ્રચલિત છે. જો કે પતંગ રસિયાઓનો ઝોક દોરી પીવડાવામાં વધુ જોવા મળ્યો હતો. જેમાં સાંકળ-૮, મહાસાંકળ, એકે-૫૬, ગેંડા, પાન્ડા, વર્ધમાન જેવી બ્રાન્ડોની ડીમાન્ડ જોવા મળી રહી છે. જેમાં ૬ તાર, ૯ તાર અને ૧૨ તારની દોરી વેચાઈ રહી છે. આ દોરીના રીલ ૨૫૦૦ વારના ૧૨૦ રૂપિયાથી લઈને ૨૪૦ રૂપિયે અને ૫૦૦૦ વારના ૧૮૦ રૂપિયેથી લઈને ૪૫૦ રૂપિયા સુધીના મળી રહ્યાં છે. ચરખાવાળાઓ રંગવાનો ભાવ દર હજાર વારે રૂ. ૩૦ અને હાથેથી ઘસવાવાળા રૂ. ૬૦ લઈ રહ્યા છે. અહીં લાઈનો હોવા છતાં લોકો રાહ જોઈને પણ દોરી રંગાવા કે ઘસાવાનો આગ્રહ રાખતા જોવા મળ્યા હતા.

## કડી કેમ્પસના ૯૦૦ વિદ્યાર્થીઓને ૧.૨૫ કરોડની સ્કોલરશીપ અપાશે

### આજે સંસ્થાના પૂર્વ ચેરમેન માણેકલાલ પટેલની પુણ્યતિથિએ સદ્દગતની સ્મૃતિમાં તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરાશે

ગાંધીનગર, તા.૧૧

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડલના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે સંસ્થાના ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓને ૧.૨૫ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવશે. સે-૨૩ સ્થિત કડી કેમ્પસના ખીમજી હોલમાં ૧૨ જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી પ્રોત્સાહીત કરવામાં આવશે.



ગાંધીનગરના શિક્ષણજગતમાં મહત્વનું યોગદાન પ્રદાન કરનારા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે સંસ્થાના સ્કોલર અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળની તમામ શૈક્ષણિક શાળાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવશે. સંસ્થામાં ધો-૧૧, ૧૨ અને પોસ્ટ ગ્રેજયુએશનમાં અભ્યાસ કરતા ૪૧૨ જેટલા વિદ્યાર્થીઓનો મેરીટ સ્કોલરશીપ હેઠળ સમાવેશ કરવામાં આવશે આ ઉપરાંત કેજી ટુ પી.જી.માં અભ્યાસ કરતા ૪૫૩ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પણ સ્કોલરશીપ એનાયત કરી શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહીત કરવામાં આવશે સંસ્થાના તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ૧ વર્ષની ફી સ્કોલરશીપ રૂપે આપવામાં આવશે. આ તબક્કે વિદેશમાં વસતા એન.આર.આઈ. દાતાઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહેશે. સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ નિમિત્તે અગાઉ પણ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે સહાય આપવામાં આવી હતી.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ભાડે જોઈએ છે
3000 થી 5000 Sq.ft કારપેટ એરીયા
સ્વતંત્ર બંગલો / કોમ્પલેક્ષ / ટેનામેન્ટ
9825020082

Invest in BOLLYWOOD or MARATHI FILMS
Safe & Cash Returns
Experienced Team of 20 yrs.
Call : 09821244400
Email : yogi9821244400@gmail.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com